શ્રાવણમાં શિવજીને ધતૂરો ચઢાવવાનો મહિમા

શિવપૂજામાં ધતૂરાનું મહત્વ : પોતાના મનની કડવાશ અને ઝેરનો ત્યાગ કરવા માટે ભોળાનાથને ઝેરી ધતૂરો ચઢાવવામાં આવે છે

ગાંધીનગર, તા. ૪

શ્રાવણ માસના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે. શહેરીજનો શિવજીની ભક્તિમાં પરોવાયેલા જોવા મળી રહ્યા છે. વહેલી સવારથી મહાદેવના મંદિરોમાં ભક્તો મહાદેવના દર્શનાર્થે જોવા મળી રહ્યા છે. જેમાં શહેરના દરેક શિવાલયોમાં શિવજીનો શ્રૃંગાર કરવામાં આવી રહ્યો છે. ભગવાન શિવનો શ્રૃંગાર ખૂબજ રહસ્યમય અને સૌથી અલગ છે. તેમાં નાગ, ભસ્મ, ઝેરી અને જંગલી ફૂલ અને પાન સામેલ છે. આ શ્રૃંગાર જણાવે છે કે ભગવાન શિવ તે બધાને અપનાવે છે. જેને લોકો પોતાનાથી દૂર રાખે છે. એટલે કે વસ્તુઓ કોઈ કામની નથી તે પણ ભગવાન શિવ પોતાના ઉપર ધારણ કરે છે.

ધાર્મિક મહત્વ : દેવી ભાગવત પુરાણ પ્રમાણે

ધાર્મિક દૃષ્ટિએ તેનું કારણ દેવી ભાગવત પુરાણમાં ઉલ્લેખવામાં આવ્યું છે આ ગ્રંથ પ્રમાણે શિવજીએ જ્યારે સમુદ્ર મંથનમાંથી બહાર આવેલ હળાહળ વિષ પીધું હતુ ત્યારે તેઓ વ્યાકુળ થવા લાગ્યાં હતાં. ત્યારે અશ્વિની કુમારોએ ભાંગ, ધતૂરો, બીલીપાન જેવી ઔષધિઓથી શિવજીની વ્યાકુળતા દૂર કરી તે સમયથી જ શિવજીને ભાંગ, ધતૂરો ખૂબજ પ્રિય છે. જે પણ ભક્ત શિવજીને ભાંગ, ધતૂરો અર્પણ કરે છે શિવજી તેમના ઉપર પ્રસન્ન થાય છે.

જેને માણસો ત્યાગે છે તેને શિવ અપનાવે છે

ભગવાન શિવ શ્રૃંગાર સ્વરૂપમાં ધતૂરો અને બીલીપાન સ્વીકારે છે. શિવજીનું આ ઉદાર સ્વરૂપ આ વાતનો સંકેત કરે છે કે સમાજ જેને તરછોડે છે શિવ તેનો સ્વિકાર કરે છે શિવ પૂજામાં ધતૂરા જેવા ઝેરી ફળ ચઢાવવા પાછળ પણ ભાવ એ જ છે કે ભક્તિગત, પરિવારિક, સામાજિક જીવનમાં ખરાબ વ્યવહાર અને સામાજિક જીવમાં ખરાબ વ્યવહાર અને કડવી વાતો બોલવાથી બચવું. સ્વાર્થની ભાવના ન રાખીને અન્યના હિતનો ભાવ રાખો. ત્યારે જ આપણી સાથે અન્ય લોકોનું જીવન સુખી થઈ શકે છે.

મનની કડવાસનો ત્યાગ

ભગવાન શિવને ધતૂરો ખૂબ જ પ્રિય હોવાની વાતમાં એ પણ સંદેશ છે કે શિવાલયમાં જઈને શિવલિંગ ઉપર ધતૂરો ચઢાવીને મન અને વિચારોની કડવાસ દૂર કરીને મીઠાસને અપનાવી લેવાનો સંકલ્પ લેવો જોઈએ. આવું કરવું જ ભગવાન શિવની પ્રસન્નતા માટે સાચી પૂજા રહેશે.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા એક્સપર્ટ ટૉકનું આયોજન

ગાંધીનગર, તા. ૪

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જીનિયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા 'એડવાન્સ બિલ્ડિંગ મોડેલિંગ(બીમ) યુસીંગ ઓટોડેસ્ક રીવીટ' વિષય પર એક્સપર્ટ ટૉકનું આયોજન તા. ૩ ઓગષ્ટ, ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. આ ગેસ્ટ લેકચરમાં કુલ-૩૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા તેમજ ડાયરેક્ટર પ્રો. રવિકુમારે અભિનંદન પાઠવ્યા હતા.

આર.એન. પટેલ સ્કૂલના વિદ્યાર્થી ઓએ બેંકની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૪

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૭-એ, બી અને સીના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓએ તા. ૩-૮-૨૨ને બુધવારના રોજ ધી કાલુપુર કોમર્શિયલ બેંક, સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે આવેલી બેંકની રૂબરૂ મુલાકાત લીધી હતી. બેંકના બ્રાન્ચ ઓફિસર અંકિતભાઈ પટેલ દ્વારા બેંકમાં ખાતાના પ્રકાર, ચેકના પ્રકાર, સેફ ડિપોઝીટ વોલ્ટ, પાસબુક, પૈસા ઉપાડવા માટેનું ફોર્મ, ફિક્સ ડિપોઝિટ, એટીએમ કાર્ડ, ડેબિટ કાર્ડ, લોન તથા વ્યાજદર વિષે વિસ્તારપૂર્વક સમજાવ્યું હતું. તથા બાળકોએ બેંકની અંદરની કામગીરી નિહાળી, કેશિયર દ્વારા પૈસા ગણવાના મશીન વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ સમગ્ર મુલાકાત દરમ્યાન કોમ્પ્યુટર વર્કની રૂબરૂ કામગીરી નિહાળી, બેંકના સમગ્ર સ્ટાફે પણ આ કામમાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ આસપાસમાં સર્જાતી ટ્રાફિક જામની સમસ્યા

ગાંધીનગર, તા. ૦૪

શહેરના નવા વિસ્તારોની નગર રચના પણ સવાલો ઉભા કરનારી સાબિત થઈ રહી છે કેમકે નવા વિકસેલાં વિસ્તારોમાં પણ અનેક સ્થળે ટ્રાફિકજામ સહિતની સમસ્યાઓ અવારનવાર સર્જાઈ રહી છે. શહેરના કુડાસણ-સરગાસણ વિસ્તારને જોડતાં રૂદ્રભૂમિ સ્મશાનની પાછળના વિસ્તારમાં ઈન્ફોસિટી જુનિયર કોલેજ સામેના માર્ગે પિક અવર્સ દરમ્યાન ભયંકર ટ્રાફિક જામ સર્જાઈ રહ્યો છે. આ માર્ગે એક તો સ્કૂલ છુટવાના સમયે પોતાના બાળકોને લેવા આવતાં વાલીઓ મોટી સંખ્યામાં ટુ-વ્હિલર્સ કે ફોર વ્હિલર લઈને આવે છે જેઓ બાળક બહારના આવે ત્યાં સુધી સાંકડા માર્ગની બંને તરફ પોતાના

વાહનો આડેધડ ખડકીને રોડ પરથી બે વાહનો સામસામેથી પસાર ના થઈ શકે તેવી પરિસ્થિતિ સર્જે છે જેના કારણે આ માર્ગ પર ચક્કાજામની સ્થિતિ સર્જાય છે. આ સ્થિતિમાં બાળકોની અવરજવર તેમના માટે જોખમરૂપ બને છે અને ઘણીવાર વાહનચાલકો વચ્ચે "તું તું મેં મેં"ના દ્રષ્યો સર્જાય છે. વળી, આ માર્ગે બનાવી દેવાયેલા સ્પિડ બ્રેકર બમ્પ પણ ખૂબ અયોગ્ય રીતે વધુ પડતી ઉંચાઈના બનાવાયાં છે જેમાં કેટલાંક બમ્પ તો તંત્રના બદલે ત્રાહિત હિતધારકો દ્વારા ગેરકાયદેસર રીતે બનાવાયાં હોય તેવું સ્પષ્ટ જણાય છે કેમકે સિમેન્ટથી બમ્પ બનાવી દેવાયાં છે જે વાહનચાલકો માટે નુકસાનકારક હોવા સાથે જોખમી છે અને ટ્રાફિકજામ થવાની સમસ્યાને વધારે છે. આ વિસ્તારમાં યોગ્ય રીતે જાહેર પાર્કિંગ વ્યવસ્થા વિકસાવાય અને આડેધડ વાહનો લઈને ઉભા રહી જતાં વાહનચાલકો તેમજ ગેરકાયદેસર બનાવાયેલા બમ્પને દૂર કરી યોગ્ય પ્રમાણસરના સ્પિડબ્રેકર્સ બનાવાય તે જરૂરી બન્યું છે.

વડાપ્રધાન દ્વારા ૨૦૨૫ સુધીમાં ટીબી નાબૂદી નું અભિયાન કરવામાં આવેલ છે જેના અનુસંધાને ટીબીના દર્દીઓને દવાની સાથે પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી સ્થાનિક કોર્પોરેટર દ્વારા કરિયાણાની કીટ આપવામાં આવી હતી . અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુડાસણ ખાતે ટીબીના જરૂરીયાત મંદ દર્દીને કુડાસણ વિસ્તારના કોર્પોરેટર અલ્પાબેન કૌશિકભાઈ પટેલ દ્વારા ૧૦ દર્દીઓને કરિયાણું આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સીટી ટીબી ઓફિસર ડો.હરેશ પટેલ અને આર.સી.એચ ઓ , યુ.પી.એસ.સી..મેડિકલ ઓફિસર તથા ટીબીએચવી નીતિનભાઈ અને કુમારભાઈ દ્વારા તમામ દર્દીઓને કીટ વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી આ ટીબીના દર્દીઓને ન્યુટ્રેશન કીટ આપવા બદલ સીટીટીબી ઓફિસર ડો.હરેશ પટેલ અને ટીબીના સ્ટાફ દ્વારા અલ્પાબેન કૌશિકભાઈ પટેલ કોર્પોરેટર નો આભાર માનવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા સહજ હોય છે : સુનયના તોમર

નિફ્ટ ગાંધીનગર ખાતે નવા વિદ્યાર્થીઓને આવકારતા ત્રિદિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી ખાતે આજથી ત્રણ દિવસ માટે નવા વિદ્યાર્થીઓને આવકારતા ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસના કાર્યક્રમમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડવા માટે ઉદઘાટન સમારોહ, વાલીઓનું પ્રશ્ન-જવાબ સત્ર, નિયામક, સંયુક્ત નિયામક સાથે વિદ્યાર્થીઓ, કેમ્પસ એકેડેમિક કોઓર્ડિનેટર, કેમ્પસ કોઓર્ડિનેટર અને વિભાગના વડા વિદ્યાર્થી નોંધણી, નિફ્ટ એકેડેમિક સિસ્ટમ, કાફ્ટ કલસ્ટર પહેલ વિશે વિદ્યાર્થીઓનું ઓરિએન્ટેશન, ઉદ્યોગ જોડાણો, શૈક્ષણિક જીવન સિવાય વિદ્યાર્થીઓના વિકાસની પ્રવૃત્તિઓ વગેરે સહિત અનેક પાસાંઓનો સમાવેશ થાય છે. કાર્યક્રમનો ઉદઘાટન બેચ આજથી શરૂ થઈ જેમાં આશરે ૨૦૦થી વધુ નવા વિદ્યાર્થીઓને કેમ્પસ ખાતે શૈક્ષણિક કાર્યક્રમમાં જોડાવા માટે જાણ કરી છે. ઓરિએન્ટેશન સમારોહનું ઔપચારિક ઉદ્ઘાટન ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમરે, સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન ડાયરેક્ટર કાર્તિકેયસારાભાઈ, ગેસ્ટ ઓફ ઓનર તરીકે જેડ બ્લુના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સિદ્ધેશ ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તેદીપપ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. સુનયના તોમરે ફેશર વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે "વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા સહજ હોય છે, જેને સંસ્થાના ફેકલ્ટી સભ્યો દ્વારા વ્યાવસાયિક સ્પર્શ વ્યાવસાયિક જે ખરેખર તેમના જીવનને આકાર આપે છે અને તેમના બનાવવા માટે સર્જનાત્મક વિશ્વમાં ઉડવા માટે તૈયાર કરે છે." નિફ્ટના ડાયરેક્ટર પ્રો.ડો.સમીર સૂદે મુખ્ય મહેમાન તથા અન્ય મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

વેડ ઈન્ટરનેશનલ સ્કૂલ, 'સરસ-ઉડી સ્કૂલ' દ્વારા પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૪

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં 'ચારૂસત' દ્વારા પ્રાયોજિત 'સરસ-ઉ-ડી સ્કૂલ' દ્વારા પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. બાળકો અદ્યતન ટેકનોલોજી દ્વારા ભણે અને તેનો ઉપયોગ કરે તે ઉદ્દેશ્યથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ એક ઈન્ટરેક્ટિવ વિઝ્યુલાઈઝેશન ટૂલ છે કે જે શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અધ્યયનના અનુભવને ઉન્નત અને પરિવર્તિત કરશે. અધ્યયનના શૈક્ષણિક ક્ષેત્રો કે જે કલાકૃતિઓ, નમૂનાઓ અને શરીર રચનાઓ સાથે સંકળાયેલા હોય છે તે ૩ ડી સામગ્રીથી લાભ મેળવી શકે છે. ૩ડી મોડલ્સ કટ-વે વિઝ્યુલાઈઝેશન, સપાટી વક્રતા માપન અને મલ્ટિસ્પેક્ટલ વિશ્લેષણ જેવી સુવિધાઓનો ઉપયોગ કરીને સામગ્રી સાથે જોડાવા માટેની નવી રીતો પણ પ્રદાન કરે છે. વિદ્યાર્થીઓને આ પ્રોગ્રામ દ્વારા ઘણું શીખવા મળ્યું હતું.

સુમન સિટી, સેક્ટર-૧૧ ખાતે "ફ્રેન્ડશીપ ડે" નાં દિવસે એક દિવસીય સ્વ-બચાવ અને સલામતી જાગૃતિનાં વર્કશોપનું નિઃશુલ્ક આયોજન...

ગાંધીનગર,તા.૦૪

મહિલાઓ, દિકરીઓ અને ભાઈઓમાં રહેલા ડરને દૂર કરવા માટે હોટલ સુમન સિટી, સેક્ટર-૧૧ ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા તા. ૭ ઑગસ્ટ નાં રોજ "ફ્રેન્ડશીપ ડે" નાં દિવસે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન એકદિવસીય સ્વ-બચાવ અને સલામતી જાગૃતિનાં વર્કશોપનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સંસ્થાનાં સેક્રેટરી, પ્રથમ ડિગ્રી બ્લેક બેલ્ટ અને ૧૮ વર્ષનાં અનુભવી મિલાપ ટાટારિઆ જણાવી રહ્યાં છે કે, હાલના સમયમાં મહિલાઓ અને દિકરીઓની છેડતી થાય છે ત્યારે અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું તેમજ કંઈ વસ્તુઓનો ઉપયોગ કરી અને પોતાનું રક્ષણ કરવું એ સમગ્ર આ વર્કશોપમાં તાલીમ આપવામાં આવશે સાથે વધુ માહિતી માટે ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૮૪૮૮૦૦૩૫૬૦, ૯૧-૯૫૧૦૭૩૩૮૪૮ પર નામ નોંધાવી લેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

કડી કેમ્પસ ગાંધીનગર ખાતે સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજ કાયમી ધોરણે ફરકાવવામાં આવશે

ગાંધીનગર,તા.૦૪

સમગ્ર રાષ્ટ્ર જ્યારે આઝાદીનું અમૃત પર્વ ઉજવી રહ્યું છે, ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી તથા ગાંધીનગરના પરીસરોમાં આઝાદીના અમૃત મહોત્સવની ગૌરવપૂર્ણ ઉજવણીનું આયોજન થઈ રહ્યું છે. ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગ સ્વરૂપે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર 'હર ઘર તિરંગા અભિયાન' માં ગૌરવસભર તથા સક્રિયપણે જોડાશે. ઉત્તર ગુજરાતમાં સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે અને રાજ્યના પાટનગર ગાંધીનગર વિસ્તારમાં સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજ ગાંધીનગરના શૈક્ષણિક કેમ્પસ સેક્ટર- ૨૩ અને સેક્ટર-૧૫ ખાતે ૧૭૦ ફૂટના સ્તંભ ઉપર ૪૫ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા ભવ્યતાથી ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ ના રાષ્ટ્રીય દિવસથી કાયમી ધોરણે ફરકાવવામાં આવશે. વિશેષ સ્વરૂપે કડી અને ગાંધીનગરનાં શૈક્ષણિક કેમ્પસોમાં ફરજ બજાવતા તમામ ૨૮૦૦ કર્મચારીઓને પોતાના નિવાસસ્થાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી દરેક કર્મચારીને રાષ્ટ્રધ્વજ સાથે ધ્વજદંડ એનાયત કરવામાં આવશે.

"પંહોચ છપાવવા ગઈ હોવાથી" જમીન મહેસુલ ભરવામાં નાગરિકોને ધરમધક્કા

પંહોચ પણ નથી અને કર્મચારી પણ રજા પર છે જેથી મહેસુલ ભરાતું નથી ને ઉપરથી તા.૨૫ પછી મહેસુલ લેવાશે નહીં તેવી નોટીસ લગાવાઇ છે : નાગરિકોના વારસાઇ સહિતના અગત્યના કાર્યો ખોરંભે ચડી રહ્યાં છે

ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગર શહેરમાં જમીન મહેસુલ ભરવામાં અત્યારે શહેરીજનોને હાલાકી પડી રહી છે અને ધરમધક્કા ખાવા પડી રહ્યાં છે. આ હાલાકીનું કારણ મહેસુલ ભર્યા બદલ આપવામાં આવતી પંહોચ છાપકામ માટે ગઈ હોવાથી આ સ્થિતિ સર્જાયું હોવાનું જાણવા મળ્યું છે. ઘણાં દિવસોથી સર્જાયેલી આ સ્થિતિમાં વળી એક નવો ફણગો એ ફુટ્યો છે કે હવે તા. ૨૫ પછી મહેસુલ લેવામાં આવશે નહીં તેવી નોટિસ લગાડી દેવામાં આવી છે.

ગાંધીનગરના જાણીતા એડવોકેટ હિતેષ બી. રાવલે કલેક્ટરને લખેલાં એક આવેદનમાં અરજી કરી છે કે "કલેક્ટર કચેરીના ચોથા માળ પર આવેલ તલાટીની કચેરીમાં ગાંધીનગર શહેરની જમીન મહેસૂલ ઉઘરાવવામાં આવે છે તે કચેરીમાં એક માસ ઉપરાંતના સમયથી "જમીન મહેસુલ ભર્યાની પંહોચ છાપકામ માટે ગયેલ છે" તેમ જણાવીને જમીન મહેસુલ સ્વીકારવામાં આવતું નથી. આ ઉપરાંત જમીન મહેસુલ ભરવા અંગેની એક નોટિસ તે રૂમની બહાર ચોંટાડવામાં આવી છે જે મુજબ તારીખ ૨૫ પછી મહેસુલ લેવામાં આવશે નહીં. ફરજ પરના હાજર કર્મચારીએ જણાવ્યા મુજબ આ કાર્યના સક્ષમ કર્મચારી દસ દિવસની રજા પર હોવાથી મહેસુલ ભરવા આવતા નાગરિકોને તે પછી આવવા જણાવાય છે. આ સ્થિતિમાં નાગરિકોને વારસાઇ સહિતના વિવિધ અગત્યના કાર્યો માટે ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે જેથી નાગરિકોને મહત્વના કાર્યોમાં હાલાકી ભોગવવાનો વારો ના આવે તે બાબતે તેમણે રજુઆત કરી છે.

બુધવારના રોજ ગાંધીનગર તાલુકા ની નવા કોબા પગાર કેન્દ્ર શાળા ના ૬૫ વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગર સ્થિત દાંડી કુટિર ની શૈક્ષણિક મુલાકાત કરી પૂજ્ય ગાંધીબાપુ ના જીવનનું અને સત્યાગ્રહ અને અહિંસા થકી આઝાદી સુધીની સફર કેવી હતી તેનું જીવંત દ્રશ્ય જોયું, જાણ્યું અને માણ્યું હતું આ ઉપરાંત અક્ષરધામ મંદિર અને ઈન્દ્રોડા પાર્ક ની મુલાકાત પણ કરવામાં આવી હતી.

સ્પોર્ટ્સ ઓડેટોરિયામમાં ટેબલ ટેનિસ ટુનામેન્ટનો પારંભ

ગાંધીનગર,તા.૦૪

ગાંધીનગરમાં આવેલ ઈફ્કો ટાઉનશીપ ખાતે આવેલ સ્પોર્ટ્સ ઓડિટોરિયમમાં આજથી ઉજી ઓપન ગુજરાત મેજર રેકિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો દબદબાપૂર્વક પ્રારંભ થયો હતો ગાંધીનગર ૧૨ વિવિધ વયજૂથ સ્પર્ધાઓમાં ભાગ લીધોહતો. ચાર દિવસ ચાલનારી આ ટુર્નામેન્ટમાં ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમનાર ગુજરાતના ખેલાડીઓ પોતાની શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરશે. સાથોસાથ દરેક ખેલાડીઓના કોચ અને વાલીઓ પણ આ ટુર્નામેન્ટમાં ખેલાડીઓને પ્રોત્સાહન આપવા પહોંચ્યા છે.